# વેટરનરી કૉલેજ, આણંદ દ્વારા આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી

વેટરનરી કૉલેજ, આણંદ ખાતે તા.૨૧/૦૫/૨૦૧૮, સોમવારના રોજ સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ એવં અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણ દ્વારા આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી કપિલા સેમિનાર હોલ ખાતે આયોજિત થયેલ હતી. સમારંભનાં પ્રમુખસ્થાનેથી મહાવિદ્યાલયનાં વડા ડો. એ. એમ. ઠાકર, ડીનશ્રી દ્વારા આતંકવાદ વિરોધી દિવસની જાગૃતતા અંગેનું માર્ગદર્શન વિસ્તૃત રીતે પૂરું પાડવામાં આવ્યું હતું. યુવા વિદ્યાર્થીઓમાં આ બાબતે સંવેદનશીલતા વધે, માનવજાતિનાં તમામ સમુદાય વચ્ચે પરસ્પર શાંતિ એવં સામાજિક સદભાવનું ઔદાર્ય જળવાય રહે તથા માનવજાતિને નુકસાન પહોંચાડનાર વિઘટનકારી શક્તિઓ સામે તૈયાર થવા આહવાન કર્યું હતું. સમગ્ર વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા આતંકવાદ વિરુદ્ધ સક્ષમ થવા માટેની શપથ (પ્રતિજ્ઞા) લઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૃહપતિ ડો. ડી.એમ. ભાયાણીનાં માર્ગદર્શન હેઠળ અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર ડો. કમલેશ સાદરિયા દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ થયેલ હતું.












